**વિરમગામના મહે . એડી.ચીફ.જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં , વિરમગામ .**

**ફોજદારી કેસ નં-૩૪૮૩/૨૦૨૫**

# :: હુકમ ::

આરોપીએ આજ રોજ અદાલતમાં કરેલ સ્વેચ્છિક લેખિત કબુલાત પ્રમાણે આરોપી ખુબજ ગરીબ ઈસમ છે. પોતાનો પ્રથમ વખતનો ગુનો છે. શરત ચુકથી કરેલ હોવાનું ભવિષ્યમાં આવું વર્તન નહી થાય તેવી ખાતરી આપેલ છે. અને પોતાનો ગુન્હો માફ કરવાની વિનંતી કરેલ છે. તેથી આરોપી ની સ્થિતિ પરિસ્થિતી વિગેરે જોતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજાથી ઓછી સજા કરવાથી ન્યાયકી ઉદેશ સચવાઈ રહેશે એવું જણાઈ આવે છે. ઉપરાંત નામદાર ગુજરાત હાઇકોર્ટ ૨૦૦૫ (૧) જીકોલ આર પાના નંબર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવરજી ઠાકોરના ચુકાદાના માર્ગદર્શન સિધ્ધાંતોને અનુસરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીએ **શિવજી નન્હે રાજા** આજ રોજ અદાલતમા કરેલ સ્વેચ્છિક ગુન્હા કબુલાત આધારે **ઈ.રે.એક્ટ ક./ ૧૪૪(એ),૧૪૭** મુજબના ગુન્હાના કામે કસૂરવાર ઠરાવી રૂપિયા ૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી સદરહુ દંડ ની રકમ ન ભરેતો દિન-૧૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. સદર ગુનાના કામે જો કોઈ મુદામાલ જપ્ત કરવામાં આવેલ હોઈ અને નાશ કરવા જેવો હોય તો નાશ કરવો અન્યથા મુદામાલની ખરાઈ કરી માલિક ને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ :-**૧૩.૧૨.૨૦૨૫**

શ્રી આર.બી.મારફતીયા

એડી.ચીફ.જ્યુડી.મેજી.રેલવે
વિરમગામ,અમદાવાદ.
UID Code - GJ 00633